# <u>પ્રેસનોટ</u>

## <u>ગણતરીના કલાકોમાં લુટનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ</u>

## <u>મોબાઈલ ફોન તથા રોકડા રૂપીયા મળી કુલ્લે ૯૧૦૦/- ના મુદ્દામાલ સાથે બે ઈસમો ઝડપાયા</u>

રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૩૫/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ (એ)(૩),૧૧૪ મુજબના ગુનાના કામના ફરીયાદીશ્રી અંકીત સ/ઓ અશોકકુમાર બાલગોવિંદ પટેલ(કુર્મી) ઉવ:૧૮ રહે:મુકેશભાઈ રબારીના મકાનમાં રબારી કોલોની ગેટ નં.૯ અમરાઈવાડી અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તા-૨૬/૦૮/૨૦૧૯ ના કલાક ૧૮/૩૦ વાગ્યાના સુમારે ફરીયાદી તેના વતન ઉત્તરપ્રદેશ ખાતે જવા નિકળેલ આ વખતે એક થેલામાં એમઆઈ કંપનીનો રેડમી-૭ મોડેલનો મોબાઈલ ફોન જેનો આઈએમઈઆઈ નં.૮૬૯૦૧૫૦૪૬૮૯૨૪૫૯ તથા ૮૬૯૦૧૫૦૪૬૮૯૨૪૬૭ હતો જેની કીમત રૂપીયા ૮૦૦૦/- ગણાય તથા પાકીટ જેમાં મારૂ એસ.બી.આઈ બેંકનુ એટીએમ કાર્ડ તથા આધાર કાર્ડ તથા રોકડા રૂપીયા ૧૧૦૦/- હતા તથા ત્રણથી ચાર જોડી કપડા કીમત રૂપીયા ૧૦૦૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૧૦૧૦૦/-મુકેલ જે થેલો બે અજાણ્યા ઈસમો આશરે ૨૦ થી ૨૨ વર્ષની ઉમરના આવેલ અને ફરીયાદીની હાથમાં રહેલ થેલો ખેચી લુટી થેલો લઈ ભાગી ગયેલ જે બાબતે રામોલ પો.સ્ટેશન ખાતે ઉપરોકત નંબરથી ગુનો દાખલ થયેલ.

જે કામે અમોએ પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા નાઓને સુચના કરવામાં આવેલ જે આધારે તેઓ તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના <u>પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ તથા પો.કો લાલજીભાઈ જહાભાઈ</u> નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ સુરેલીયા સર્કલ ખાતે જાહેરમા આરોપીઓ નં.૧ <u>સુધીર સ/ઓ રાજેન્દ્રભાઈ હરીદેવ પાસ્વાન ઉવ:૨૩ રહે:૧૦૦ કેવડાવાળી ચાલી સુરેલીયા રોડ રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ:ફતેપુર તા:સુનવરસા જી:સિતામઢી બીહાર</u> તથા નં.૨ <u>અજીતકુમાર સ/ઓ ચંન્દેશ્વરભાઈ રામદેવભાઈ સુરી ઉવ:૧૯ રહે:ભાવેશભાઈ રબારીના મકાનમાં રબારી કોલોની અમરાઈવાડી અમદાવાદ શહેર મુળવતન ગામ:લછુઆ થાના:બથનાહ જી:સિતામઢી બીહાર નાની પાસેથી ઉપરોકત ગુનાના કામે</u> ઝુટવી લીધેલ મુદ્દામાલ એમ.આઈ કંપનીનો મોબાઈલ ફોન કીમત રૂપીયા ૮૦૦૦/- તથા રોકડા રૂપીયા ૧૧૦૦/- મળી કુલ્લે કીમત રૂપીયા <u>૯૧૦૦/-</u> ના મુદ્દામાલ સાથે પકડી ઉપરોક્ત ગુનાના કામે <u>તા:૨૯/૦૮/૨૦૧૯ ના કલાક ૨૩/૪૫</u> વાગ્યે અટક કરી અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.

(કે.એસ.દવે)
સિની.પોલીસ ઇન્સ્પેકટર
રામોલ પો.સ્ટે અ'વાદ શહેર